જા.નં./RMSA/સાબુ બેંક/૨૦૨૧/૯૪૪૮૪
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૧૮/૧૦/૨૦૨૧

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી કરવા સારું.

(એચ.એચ. રાજ્યગુરુ)
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જીલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓ તરફ,
જી.સુરત

જયશ્રી દેવાંગન, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

# ગુજરાત શાળા શિક્ષણ પરિષદ

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭, ગાંધીનગર.-૩૮૨૦૧૭
ફોન.૦૭૯-૨૩૨ ૩૨૪૧૩, ફેક્સ: ૦૭૯-૨૩૨ ૩૮૪૦૪
Email : - aspdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

પત્રક્રમાંક-એસએસએ/ક્યુઈસેલ/૧/૨૦૨૧ | ૩૭૯૩૧ - ૩૫૦૦૪ તા-૧૪/૧૦/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા – તમામ

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા - તમામ
શાસનાધિકારીશ્રી -અમદાવાદ,રાજકોટ,વડોદરા,સુરત.

**વિષય : ગ્લોબલ હેન્ડવોશિંગ ડે 2021 પર શાળાઓમાં સાબુ બેંકની સ્થાપના બાબત**

ગ્લોબલ હેન્ડ વોશિંગ ડે (GHD) એક વૈશ્વિક દિવસ છે, જે દર વર્ષે 15 મી ઓક્ટોબરના રોજ ઉજવવામાં આવે છે. જે હાથની સ્વચ્છતાના મહત્વ વિશે જાગૃતિ વધારવા અને સાબુ સાથે હાથ ધોવાને ટકાઉ અને લાંબા ગાળા માટે અપનાવવા માટે સમર્પિત છે. આ વર્ષ ના થીમ છે "Our Future is at Hand – Let's Move Forward Together". બાળકોએ શાળાઓમાં 8-10 કલાક વિતાવે છે અને સાબુથી હાથ ધોવાથી બાળકોએ સ્વસ્થ્ય અને શિક્ષણમાં સુધારો થાય છે.

કોવિડ-19 મહામારીથી સાબિત થયુ છે કે સાબુથી હાથ ધોવાથી રોગોના સંક્રમણને રોકી શકાય છે. ગુજરાતમાં WASH સર્વે- ૨૦૨૦ અન્વયે ૪૨% શાળાઓમાં હાથ ધોવાના માટે દરરોજ સાબુ ઉપલબ્ધ નથી. તમામ શાળાઓમાં હાથ ધોવા માટે સાબુથી સજ્જ હોવું જરૂરી છે.

ગ્લોબલ હેન્ડવોશિંગ ડે 2021 નિમિત્તે તમામ સરકારી, ગ્રાંટ ઇન એડેડ અને ખાનગી શાળાઓમાં એક સાબુ બેંકની સ્થાપના કરવા જણાવવામાં આવે છે. જેથી શાળાઓમાં બાળકોને દરરોજ હાથ ધોવા માટે સાબુ ઉપલબ્ધ રહેશે.

ડીઇઓ,શ્રી ડીપીઇઓશ્રી, બીઆરસી/સીઆરસી કો.ઓર્ડીનેટરએ ગ્લોબલ હેન્ડવોશિંગ ડે નિમિત્તે સાબુ બેંકનું ઉદ્ઘાટન કરવા માટે ઓછામાં ઓછી એક શાળાની મુલાકાત લેવાનો રહેશે. આ પ્રવૃત્તિ/કાર્યક્રમ **૧૮ ઓક્ટોબર-૨૦૨૧** સુધી પુર્ણ કરવાનું રહેશે અને આપેલ લિંક (t.ly/Sv89) ઉપર **૨૦ ઓક્ટોબર-૨૦૨૧** સુધી ફરજીયાત રિપોર્ટ અપલોડ કરવાનું રહેશે.

એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, ગાંધીનગર

**બિડાણ :** (૧) સાબુ બેંકની રચના, (૨) હાથ ધોવાની પ્રક્રિયાનો વીડિયો અને પોસ્ટર

**સવિનય નકલ રવાના :**
- પી. એ. ટુ. માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- વોશ સ્પેશ્યાલીસ્ટ, યુનિસેફ, ગુજરાત
- ઓઆઇસી-એમ.આઇ.એસ., સદર કચેરી

Online ૧૨૧
16-10

## સાબુ બેંકની રચના :

1. કોઈપણ આકાર અને કદનું બોક્સ જે સંભાળવા માટે સરળ, ટકાઉ અને વોટરપ્રૂફ સાબુ બેંક તરીકે બનાવવામાં આવશે. નમૂનાની તસવીરમાં બતાવ્યા પ્રમાણે શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા તેને સજાવવામાં આવી શકે છે.
2. સાબુ બેંક સ્થાપતી વખતે, શિક્ષકો, મુખ્ય શિક્ષક, વિદ્યાર્થીઓ, ગામના પ્રતિનિધિઓ અને સમુદાયને લોકો સાબુ બેંકમાં સાબુનું દાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.
3. કોઈપણ પ્રસંગ/ મુલાકાત દરમિયાન શાળાના મહેમાનોને સાબુ બેંકમાં સાબુ દાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.
4. સાબુ બેંકમાં હંમેશા સાબુ રહેશે અને તેની સમયસર ભરપાઇ સુનિશ્ચિત કરવામાં આવશે
5. બાળકો માટે સાબુ બેંક સુલભ હોવી જોઇએ.
6. સાબુ બેંકનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવશે. એક શિક્ષકની દેખરેખ હેઠળ બે વિદ્યાર્થીઓને સાબુ બેંકના મેનેજર તરીકે નિયુક્ત કરવામાં આવશે. તે જ્યાં સ્થાપિત થાય ત્યાં બાળ સંસદ સાથે સંકલન કરવામાં આવશે.
7. બાળ સંસદની બેઠકો દરમિયાન સાબુ બેંકની ભરપાઇ અને સંચાલનની ચર્ચા કરવામાં આવશે.
8. દર વર્ષે 15 મી ઓક્ટોબર-૨૦૨૧ ના રોજ વૈશ્વિક હાથ ધોવા દિવસ દરમિયાન, તમામ શાળાઓએ સાબુથી નિયમિત હાથ ધોવા અંગેના પ્રતિજ્ઞા લેવા માટે બાળકોની સંસદની બેઠક યોજવી જોઇએ અને નીચેની સૂચકાંકો પર તેમની શાળાઓમાં સાબુથી હાથ ધોવાનું ઝડપી મૂલ્યાંકન કરવું જોઇએ અને તેમના સ્કોર કાર્ડ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફ સાથે શેર કરવું જોઇએ.

| ક્રમાંક | સૂચક | (સ્કોર) હા માટે 1 ગુણ આપો, ના માટે -0 |
|---|---|---|
| 1 | શાળામાં વિદ્યાર્થીઓ માટે હાથ ધોવા માટે પુરતા નળ છે? (દર 10 વિદ્યાર્થીઓ માટે એક નળ) | |
| 2 | શાળાએ હાથ ધોવાની સુવિધાની આસપાસ સ્વચ્છતા જાળવી રાખી છે | |
| 3 | હાથ ધોવા માટે નળમાં હંમેશા પાણી આવે છે | |
| 4 | હાથ ધોવા માટે હંમેશા સાબુની ઉપલબ્ધતા હોય છે | |
| 5 | હાથ ધોવાનું સ્ટેશનમાં નળની ઉંચાઇ બાળકો ની લંબાઇ મુજબ છે | |
| 6 | ખાસ જરૂરિયાતવાળા બાળકો માટે હાથ ધોવાનું સ્ટેશન સુલભ છે | |
| 7 | બધા બાળકો ભોજન પહેલા અને શૌચાલયના ઉપયોગ બાદ સાબુથી હાથ ધોવે છે | |
| 8 | કોવિડ મહામારીમાં તમામ બાળકો વર્ગમાં પ્રવેશતા પહેલા સાબુથી હાથ ધોવે છે | |
| 9 | IEC )પોસ્ટરો/પેઇન્ટિંગ્સ /સંકેતો (હાથ ધોવાને પ્રોત્સાહન આપવા માટે હાથ ધોવા સ્ટેશનના નજીક શાળામાં ઉપલબ્ધ છે | |
| 10 | હેન્ડ વોશિંગ સ્ટેશનમાંથી ગંદા પાણીનો સુરક્ષિત રીતે નિકાલ કરવામાં આવે છે. | |
| | કુલ સ્કોર 10 માંથી | |






Sample image for Soap Bank

હાથ ધોવાની પ્રક્રિયાનો વીડિયો અને પોસ્ટર :

https://youtu.be/C4cDJZQgy5g

# હાથ કેવી રીતે ધોવા?

**સાબુ અને પાણી વડે ઓછામાં ઓછા ૪૦ સેકન્ડ અથવા સેનેટાઇઝરથી હાથ ધોવા.**

પાણીનો બગાડ કરવો નહીં.



પાણીથી હાથ ભીના કરો.



જરૂરી માત્રામાં સાબુનો ઉપયોગ કરો.



હાથની હથેળીથી ઘસવું.



જમણા હાથને ડાબા હાથની આંગળીઓ સાથે ઘસો.



હથેળીથી હથેળી આંગળીઓ સાથે ઘસો.



આંગળીઓ અને હથેળીઓને એકબીજા સાથે ઘસો.



ડાબા અંગૂઠાને જમણી હથેળી દ્વારા વારાફરતી ઘસો.



આંગળીઓ દ્વારા હથેળીને વારાફરતી આગળ અને પાછળ ઘસો.



પાણીથી હાથને ધુવો.



રૂમાલ વડે હાથને સાફ કરો.



રૂમાલ દ્વારા નળને બંધ કરો.



હવે તમારા હાથ સલામત છે.

**હાથને ચોખ્ખા રાખો!** **સલામત રહો!** **કોરોનાથી સુરક્ષિત રહો!**

Image Source: WHO

unicef